




# ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા








માલિક: ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાન: ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ e-mail:mitra@gujaratmitra.in ટે.નં.: જા.ખ. વિભાગ: ૨૫૯૯૯૯૧, ફેક્સ: ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગ: ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2015-17 ★ RNI No.1597/57

વર્ષ: ૧૫૫ ∗∗∗ સંવત ૨૦૭૩ આસો સુદ ચોથ, રવિવાર ૨૪ સપ્ટેમ્બર, ૨૦૧૭ ∗∗∗ દૈનિક : ૮૧ - અંક : ૨૭૮ પાનાં ૨૦ કિંમત ₹ ૪.૦૦


# પેટ્રોલિયમ પેદાશોને GST હેઠળ આવરી લેવા વિચારણા

## દિવાળી આસપાસ પેટ્રોલ-ડિઝલના ભાવ ઘટી શકે છે : ધર્મેન્દ્ર પ્રધાન



ગાંધીનગર, તા. ૨૩: ગાંધીનગર અમદાવાદ વચ્ચે આવેલા અડાલજ સ્કીલ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યુટનું ઉદ્ઘાટન પ્રસંગે અમદાવાદ આવેલા કેન્દ્રીય પેટ્રોલિયમ અને નેચરલ ગેસ તથા સ્કીલ ડેવલપમેન્ટ અને આંત્રપ્રોનિયરશીપ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને દિવાળી સુધીમાં પેટ્રોલ-ડિઝલના ભાવમાં ઘટાડો થાય તેવી સંભવાના વ્યક્ત કરી હતી, તેમણે જણાવ્યું હતુ કે હાલમાં આંતરરાષ્ટ્રીય સ્તરે આખતિ દેશોમાં જે સ્થિતિનું નિર્માણ થયું છે, તેના કારણે દેશમાં પેટ્રોલ ડિઝલના ભાવ વધ્યાં છે, આ ભાવ વધારાથી કેન્દ્ર સરકાર ચિંતિત ...અનુસંધાન પાના 7 પર

## અમે IIT બનાવી ને પાકિસ્તાને LeT: UN માં સુષ્માના ચાબખા

**યુએનની** સામાન્ય સભાને સંબોધન કરતા વિદેશમંત્રીએ પાકિસ્તાનના વડાપ્રધાનના પ્રવચનનો સખત જવાબ આપ્યો

**ભારત એક** આઇટી સુપરપાવર તરીકે ગણના પામે છે જ્યારે તમારી પ્રસિધ્ધી ત્રાસવાદની ફેક્ટરી તરીકેની છે

**પાકિસ્તાનના** રાજકારણીઓને આત્મનિરીક્ષણ કરવા સુષ્મા સ્વરાજની સલાહ

યુનાઇટેડ નેશન્સ, તા. ૨૩ : ભારતીય વિદેશ મંત્રી સુષ્મા સ્વરાજે આજે સંયુક્ત રાષ્ટ્રોની સામાન્ય સભાને સંબોધન કરતા પાકિસ્તાનને સખત શબ્દોમાં ઝાટક્યુ હતું અને તેના પર આકરા શાબ્દિક પ્રહારો કરતા તેમણે કહ્યૂ હતું કે ભારતે આઇઆઇટી અને આઇઆઇએમ જેવી ઉચ્ચ શિક્ષણ આપણી સંસ્થાઓ બનાવી છે જ્યારે પાકિસ્તાને લશ્કરે તોઇબા, જૈશ, હિઝબુલ અને હક્કાની નેટવર્ક જેવા આતંકી સંગઠનોનું સર્જન કર્યુ છે.

યુએનની ૭૨મી જનરલ એસેમ્બલીને સંબોધન કરતી વખતે વિદેશ મંત્રી સુષ્મા સ્વરાજ ત્રાસવાદ, હવામાન પરિવર્તન, સમુદ્રી અને સાયબર સુરક્ષા, યુએન સુરક્ષા પરિષદમાં સુધારા, ગરીબી, બેરોજગારી જેવા મુદ્દાઓ પર બોલ્યા હતા. પોતાના પ્રવચનમાં તેમણે પાકિસ્તાન પર આકરા પ્રહારો કર્યા હતા અને કહ્યુ હતું કે જે દેશ વિશ્વમા ભય, મોત અને નિર્દયતાનો સૌથી મોટો નિકાસકાર છે તે આ મંચનો ઉપયોગ કરીને અમને માનવતાનો ઉપદેશ આપે છે. દેખીતી રીતે તેમણે પાકિસ્તાનના વડાપ્રધાન શાહીદ ખાકાને કાશ્મીરમાં ભારત અત્યાચારો કરતું હોવાનો આક્ષેપ યુએનમાં કર્યો તેનો જવાબ આપયો હતો. હું પાકિસ્તાનના રાજકારણીઓને આત્મનિરીક્ષણ કરવાનું કહેવાનું પસંદ કરીશ એમ કહેતા સુષ્માએ કહ્યુ હતું કે આઇટી સુપરપાવર તરીકે ભારત વિશ્વમાં માન્ય થઇ ગયુ છે જ્યારે પાકિસ્તાનને ત્રાસની ફેક્ટરીની નિકાસ કરનાર તરીકે માન્યતા મળી છે !

હિન્દીમાં પ્રવચન કરતા સુષ્મા સ્વરાજે કહ્યૂ હતું કે અમે વૈજ્ઞાનિકો, વિદ્વાનો, ડોક્ટરો, ઇજનેરો પેદા કર્યા છે, જ્યારે તમે ? તમે ત્રાસવાદીઓ પેદા કર્યા છે એમ તેમણે ...અનુસંધાન પાના 7 પર

### આ વખતે પણ સુષ્માએ હિન્દીમાં પ્રવચન કર્યુ

**૨૨ મિનીટના** પ્રવચનમાં ત્રાસવાદ પર ૧૦ મિનીટ બોલ્યા, પાકિસ્તાનને ૬ મિનીટ સુધી ઝાટક્યું

યુએનની સામાન્ય સભાના સત્રમાં આ વર્ષે પણ ભારતીય વિદેશ મંત્રીએ ગયા વખતની જેમ જ હિન્દીમાં પ્રવચન કર્યુ હતું. તેઓ ૨૨ મિનીટ બોલ્યા હતા જેમાં દસ મિનીટ ત્રાસવાદ પર બોલ્યા હતા જેમાં છ મિનીટ તો તેમણે પાકિસ્તાનને સખત ઝાટક્યું હતું.

### સુષ્માનું પ્રવચન બેજોડ, વિશ્વ મંચ પર ભારતને ગૌરવ અપાવ્યું : મોદી

વિદેશમંત્રી સુષ્મા સ્વરાજે યુએન સામાન્ય સભામાં કરેલા પ્રવચન અંગે વડાપ્રધાન મોદીએ ટવીટર પર કહ્યુ હતું કે યુએનમાં વિદેશ મંત્રી સુષ્મા સ્વરાજનું બેજોડ પ્રવચન , તેમણે વૈશ્વિક મંચ પર ભારતને ગૌરવનો અનુભવ કરાવ્યો.



## મોદીએ શૌચાલય માટે શ્રમદાન કર્યું

**મને અહીંના** એક ગામના લોકોએ કહ્યુ હતું કે ૨ ઓક્ટોબર પછી કોઈ પણ વ્યક્તિ બાહર શૌચ માટે જશે નહીં: મોદી

વારાણસી, તા. ૨૩: વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ શહંશાહપુર ગામમાં પોતાના હાથે પ્રથમ વખત શૌચાલયનો પાયો નાંખ્યો હતો. મોદીએ જણાવ્યું હતું કે યુનિસેફના અહેવાલ મુજબ જો ઘરમાં ટોયલેટ હોય તો બીમારી પર ...અનુસંધાન પાના 7 પર

## કાશ્મીરના અલગતાવાદી નેતા શબ્બીર શાહનું હાફિઝ સાથે જોડાણ

**ઇડીની** ચાર્જશીટ: હાફિઝ સાથે શબ્બીર વાત કરતો હતો, પત્ની ટેરર ફંડિંગમાં સામેલ



નવી દિલ્હી, તા.૨૩: કાશ્મીરના અલગતાવાદી નેતા શબ્બીર શાહે લશ્કરએ તૈયબાના વડા હાફિઝ સઈદ સાથે જોડાણની વાત કબૂલી છે. એનફોર્સમેન્ટ ડિરેકટોરેટ (ઇડી)એ મની લોન્ડરિંગ કેસમાં શાહ વિરૂધ્ધ શનિવારે કોર્ટમાં આરોપનામું દાખલ કરી દીધું છે. તેમાં જણાવવામાં આવ્યું છે કે શાહે માન્યું છે કે તેની કાશ્મીર બાબતે હાફિઝ સઈદ સાથે ફોન ઉપર વાતચીત થતી હતી. શાહે પાકિસ્તાનના આતંકી સંગઠનો પાસેથી ...અનુસંધાન પાના 7 પર

## પશુઓ મત આપી શકતા નથી તેથી અન્ય પક્ષોનું તેમના તરફ ધ્યાન ગયું નથી : મોદી

**વારાણસી** નજીક પશુ આરોગ્ય મેળાનું ઉદ્ઘાટન કરતા મોદીએ પોતાના રાજકીય હરીફો પર પ્રહારો કર્યા

**પશુઓના** આરોગ્ય વ્યવસ્થા કરવા માટે યોગી સરકારની પ્રશંસા કરવા સાથે પોતાની સરકારની સિધ્ધિઓ વર્ણવી

**મોદીએ** વાછરડાના પેટમાંથી પ્લાસ્ટિક કાઢવાની સર્જરી લાઇવ નિહાળી



શહનશાહપુર(યુપી) , તા. ૨૩ : વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે અહીં એક પશુમેળાનું ઉદઘાટન કરતા પોતાના રાજકીય હરીફો પર પ્રહારો કરવાની તક છોડી નહીં હતી અને કહ્યુ હતું કે કેટલાક રાજકારણીઓ ફકત મત માટે જ કામ કરે છે અને પશુઓ તો મત આપી શકતા નથી તેથી તેમના તરફ આવા રાજકારણીઓનું ધ્યાન ગયું જ નહીં.

વારાણસીના નજીક આવેલ ઐતિહાસિક શહનશાહપુરમાં ઉત્તર પ્રદેશ સરકાર દ્વારા પશુ આરોગ્ય મેળાનું આયોજન કરવામાં આવ્યુ હતું જેનું ઉદઘાટન વડાપ્રધાન મોદીના હસ્તે કરવામાં આવ્યુ હતું. આ ઉદઘાટન પછી પ્રવચન કરતા મોદીએ કહ્યુ હતું કે તેમની સરકારનો એજન્ડા વિકાસ છે. રાજકારણ અથવા ચૂંટણી જીતવી એ મારી સરકારનો એજન્ડા નથી. તેની પ્રાથમિકતા દેશનું કલ્યાણ છે એવો દાવો ...અનુસંધાન પાના 7 પર

## નોટબંધી બિનજરૂરી, ૨૫ વર્ષ પહેલા ઉદારીકરણ સામે શંકા કરનારા ખોટા પુરવાર: મનમોહન

**નોટબંધીનો** નિર્ણય ટેકનીકલ અને આર્થિક દષ્ટિએ બિનજરૂરી રોમાંચ હતો નોટબંધીના કારણે રોજગારી ઘટી છે અને દેશના અર્થતંત્રનું પતન થયું છે : મનમોહન



મોહાલી (પંજાબ), તા. ૨૩ : દેશના ભૂતપૂર્વ વડાપ્રધાન અને દેશમાં આર્થિક ઉદારીકરણના પ્રણેતા ડો. મનમોહન સિંહે ફરી એકવાર નોટબંધીની ટીકા કરી છે અને જણાવ્યુ છે કે નોટબંધીનો નિર્ણય એ એક એવો રોમાંચ હતો જે ટેકનીકલ અને ...અનુસંધાન પાના 7 પર

### ૨૦૨૨ સુધી કોઇ બેઘર નહીં રહે: મોદીનું વચન

**શહેર હોય** કે ગામ, દરેકને ઘર, અને આ અઘરું કામ હું નહીં તો બીજું કોણ કરશે: મોદી

શહેનશાહપુર, તા. ૨૩ : વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે અહીં એક પશુ મેળાનું ઉદ્ઘાટન કર્યા બાદ ભાક્ષણ કરતા જણાવ્યુ હતું કે અમારી સરકાર પશુઓનો પણ ખયાલ રાખે છે. વર્ષ ૨૦૨૨માં જ્યારે દેશ આઝાદીની ૭૫મી જયંતિ ઉજવશે ત્યાં સુધીમાં ખેડૂતોની આવક બમણી કરી દેવાનું વચન આપવાની સાથે મોદીએ એમ મહત્વની વાત એ પણ કરી હતી કે ૨૦૨૨ સુધીમાં કોઇ બેઘર નહીં રહે તે દિશામાં તેમની સરકાર કામ કરી રહી છે.

મોદીએ કહ્યુ હતું કે આઝાદીની ...અનુસંધાન પાના 7 પર

### મોદી કાલે સૌને ૨૪ કલાક વીજળીની 'સૌભાગ્ય' યોજના શરૂ કરશે

નવી દિલ્હી, તા. ૨૩: વડા પ્રધાન નરેન્દ્ર મોદી બધાંને ૨૪ કલાક વીજળી મળે તે માટેની યોજના સૌભાગ્યની શરૂઆત ૨૫ સપ્ટેમ્બરના રોજ કરશે, એમ વીજ પ્રધાન આર કે સિંહે આજે કહ્યુ હતું.

૨૫ સપ્ટેમ્બરે રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘના વરિષ્ઠ નેતા અને જનસંઘના સંસ્થાપક સભ્ય પંડીત દીનદયાલ ઉપાધ્યાયની જયંતી પણ છે. આ યોજના વિશે આર કે સિંહે વધુ જણાવવાથી ઇંકાર કર્યો હતો પણ માનવામાં આવે છે કે આ યોજના હેઠળ ડિસેમ્બર સુધી દેશના બધાં જ ગામોમાં વીજળી પહોંચાડવામાં આવશે.

આર કે સિંહે કહ્યુ હતું કે સરકારે ...અનુસંધાન પાના 7 પર

### ચાર સદી અગાઉ બાદશાહ હુમાયુને આશરો આપનાર ગામે મોદીનો આતિથ્યસત્કાર કર્યો

**હુમાયુએ** પોતાને મળેલા આતિથ્યથી ખુશ થઇને જેને શહેનશાહપુર નામ આપ્યું હતું તે જ ગામે હવે લોકશાહી ભારતના વડાપ્રધાનનું આતિથ્ય કર્યું

શહનશાહપુર(ઉત્તર પ્રદેશ), તા. ૨૩ : ચાર સદી કરતા વધુ સમય અગાઉ, એક શહેનશાહે અહીં આશરો લીધો હતો અને આ ગામને પોતાના તરફથી આગવું નામ આપ્યુ હતું. આજે આ જ ગામને લોકશાહી ભારતના વડાના યજમાન બનવાનું માન પ્રાપ્ત થયું હતું.

વડાપ્રધાન મોદીના સંસદીય મતવિસ્તાર વારાણસીથી લગભગ 30 કિમી દૂર આવેલ શહેનશાહપુર ગામ ...અનુસંધાન પાના 7 પર

### બાકી, તમે જાણો !
- નીલ




### તા.૨૩-૦૯-૨૦૧૭નું સુરત શહેરનું હવામાન

| | | | |
|---|---|---|---|
| વરસાદ (૧૮.૦૦ કલાક સુધી) | આજનો 00.00 મીમી. | મોસમનો ૧૧૦૯.૦૪ મીમી. | |
| ઉકાઇ | સપાટી ૩૨૨.૬૫ ફૂટ | આઉટફ્લો ૬૦૦ ક્યુસેક | |
| તાપમાન | મહત્તમ ૩૨.૬° સે. | લઘુત્તમ ૨૬.૯° સે. | ભેજ ૭૦% |

## શશીકલાના ડરથી અમે જયલલિતાના આરોગ્ય અંગે જુઠું બોલ્યા હતા : તમિલનાડુના પ્રધાનનો ધડાકો

**હકીકતમાં** કોઇને જયલલિતાને મળવા જવા દેવાતા જ ન હતા

**અરુણ જેટલી** અને રાહુલ ગાંધી જેવા રાષ્ટ્રીય નેતાઓને પણ જયલલિતાને રૂબરૂ મળવા જવા દેવાયા ન હતા

**મજબૂરીથી** જુઠાણા ચલાવવા પડયા તે બદલ જનતાની અને પક્ષના કાર્યકરોની માફી માગતા તમિલનાડુના વનમંત્રી શ્રીનિવાસ ડીંડીગુલ

**જયલલિતા** સંભાર-ચટણી ખાઇ રહયાં છે એવું ખોટું બોલવું પડયું હતું!



મદુરાઇ, કોગાડુ, તા. ૨૩ : તમિલનાડુ સરકારના એક વરિષ્ઠ મંત્રી અને અન્નાદ્રમુકના નેતા શ્રીનિવાસ ડી ડીગુલે આજે દાવો કર્યો હતો કે ગયા વર્ષે જયલલિતાની તબિયત ખરાબ હતી તે સમયે શશીકલાના ભયથી પક્ષના નેતાઓ જયલલિતાના આરોગ્ય અંગે જુઠું બોલ્યા હતા જેથી લોકો એમ માને કે તેમની તબિયત સુધરી રહી છે.

ડીડીગુલે દાવો કર્યો હતો કે દિવંગત મુખ્યમંત્રી જ્યારે બિમાર હતા અને હોસ્પિટલમાં હતા ત્યારે કોઇને તેમને મળવા જવા દેવામાં આવતા ન હતા. જે પણ આવતા હતા તેમને શશીકલાના સંબંધીઓ એમ કહી દેતા હતા કે જયલલિતાની તબિયત સારી છે. તમિલનાડુના વનમંત્રી એવા શ્રીનિવાસ ડીડીગુલે મદુરાઇમાં એક જાહેર સભાને સંબોધન કરતા ગઇ મોડી રાત્રે કહ્યુ હતું કે પરિસ્થિતીને કારણે જે સત્ય દબાવી દેવામાં આવ્યુ હતું તેની સાથે તેઓ હવે બહાર આવી રહયા છે. તેમણે દાવો કર્યો હતો કે હકીકત એ છે કે તેમના પોતાના સહિત કોઇને પણ ચેન્નાઇની એપોલો હોસ્પિટલમાં જયલલિતાને મળવા જવા દેવામાં આવતા ન હતા. એટલે સુધી કે અરુણ જેટલી, વેંકૈયા નાયડુ, રાહુલ ગાંધી જેવા નેતાઓ તેમની ખબર કાઢવા પહોંચ્યા તો તેમને પણ જયલલિતાને રૂબરૂ જોવા જવા દેવાયા ન હતા. તેમને ફક્ત શશીકલા અને પ્રતાપ રેડ્ડી સાથે મુલાકાત કરવા દેવાઇ હતી. અન્નાદ્રમુકના નેતાઓ અને રાષ્ટ્રીય નેતાઓએ પણ એપોલો હોસ્પિટલના અધ્યક્ષ પ્રતાપ રેડ્ડીના ઓરડામાં જ બેસવું પડતું હતુ. ડીડીગુલે કહ્યુ હતું કે અમે જુઠુ બોલ્યા હતા કે જયલલિતાની તબિયત સારી છે અને તેઓ સંભાર-ચટણી ખાઇ રહયા છે અને ચા પી રહ્યા છે. વાસ્તવમાં અમે કોઇએ તેમને ઇડલી કે સંભાર ખાતા જોયા ન હતા. આવુ જુઠું બોલવુ પડયુ તે બદલ તેમણે લોકોની અને અખિલ ભારતીય અન્નાદ્રમુકના કાર્યકરોની માફી માગી ...અનુસંધાન પાના 7 પર

## નશામાં રહે છે દાઉદ, હવે પત્ની સંભાળે છે કારોબાર: ઈકબાલ કાસકર

**ખંડણીના** વેપારમાં દાઉદની કોઈ ભૂમિકા નથી, લોકો તેના નામ પર પોતાનો ધંધો ચલાવી રહ્યા છે



મુંબઈ, તા. ૨૩: પોલીસે પકડેલા અન્ડરવર્લ્ડ ડોન દાઉદ ઈબ્રાહિમના ભાઈ ઈકબાલ કાસકરે પૂછપરછ દરમિયાન કેટલીક માહિતીઓ આપી છે. ગઈકાલે તેણે પોલીસને જણાવ્યું હતું કે દુબઈમાં તેની મુલાકાત પોતાની ભાભી અને દાઉદની પત્ની મેહજબીન સાથે થઈ હતી. મેહજબીને ઈકબાલને જણાવ્યું હતું કે દાઉદ હવે બહુ વધુ દારૂ પીવા લાગ્યો છે જેના કારણે તે કાયમ બીમાર રહે છે. ...અનુસંધાન પાના 7 પર

### દાઉદની પત્ની મુંબઈ આવી ત્યારે કેન્દ્ર સરકાર ઊંઘી રહી હતી?: કોંગ્રેસ

**એક ત્રાસવાદીની** પત્ની ભારત આવે છે બહુ સહેલાઈથી પાછી પણ જતી રહે છે અને તેની અટકાયત થતી નથી, વડા પ્રધાન જવાબ આપે: કોંગ્રેસ

નવી દિલ્હી, તા. ૨૩ (પીટીઆઇ): કોંગ્રેસે આજે વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને ગૃહ પ્રધાન રાજનાથ સિંહ પર હુમલો કરતાં તેમની પાસે જવાબ માંગ્યો હતો કે અહેવાલો મુજબ દાઉદ ઈબ્રાહિમની પત્ની મુંબઈ આવી હતી ત્યારે તેની વિરૂદ્ધ સરકારે પગલાં કેમ લીધાં નહીં.

અન્ડરવર્લ્ડ ડોન દાઉદની પત્ની મેહજબીન શૈખ ગયા વર્ષે પોતાના પિતાને મળવા મુંબઈ આવી હતી, એમ પોલીસ અધિકારીઓએ ગઈકાલે દાઉદના ભાઈ ઈકબાલ કાસકરને ટાંકીને કહ્યુ હતું જેની ધરપકડ થાણે પોલીસે ખંડણીના એક કેસમાં કરી હતી.

કોંગ્રેસ નેતા ...અનુસંધાન પાના 7 પર